# ગુરુવર્ય પરમ પૂજ્ય સાહેબજી અને માનનીય ગવર્નરશ્રી પ.પૂ. આનંદીબહેન સંગાથે ઐતિહાસિક તીર્થયાત્રાએ દિવ્યતાની અલૌકિક અનુભૂતિ !

## તીર્થોત્તમ તીર્થ છપૈયાધામ, તીર્થરાજ કાશી અને રાજનગર લખનૌની યાત્રાસ્મૃતિ



**સંતભગવંત** પરમ પૂજ્ય સાહેબજીને માટે પૃથ્વી પરનાં અત્યંત પ્રિય સ્થાન એટલે શ્રીહરિ પ્રાગટ્યતીર્થ-છપૈયાપુર અને ગુરુદેવ યોગીજી મહારાજ પ્રાગટ્યધામ-ધારી ! આ તીર્થધામોની યાત્રાએ તેઓ સ્વયં વખતોવખત પધારે અને સાથે સંતો-ભક્તોને પણ લઈ જાય ! પ્રભુ અને ગુરુના શ્રીચરણોમાં જ અપાર અને અનુપમ સુખ રહ્યું છે તે ભાવનાની અનુભૂતિ તેઓ સ્વઆચરણ દ્વારા સૌને સહજ કરાવે. આ ભાવનાના અનુભવ સદાય થાય છે અને વિશેષ રીતે ફેબ્રુઆરી ૨૦૨૨માં કરવામાં આવેલી તીર્થયાત્રામાં પણ થયા ! રાજનગર લખનૌ, તીર્થોત્તમ તીર્થ છપૈયાધામ, તીર્થરાજ કાશી-વારાણસીની યાત્રા સ્વાભાવિક જ ઐતિહાસિક અને અવિસ્મરણીય બની રહી. આ યાત્રામાં સંતભગવંત સાહેબજીની બ્રાહ્મીસામર્થી અને ગુણાતીતસ્થિતિનાં અનુપમ દર્શન ને અનુભવ સૌને થયાં !

આ વખતની તીર્થયાત્રા વિશેષ હેતુસર યોજાઈ કે જેના સંદર્ભ વર્ષ ૨૦૧૬ની યાત્રા સાથે સંકળાયેલા હતા. સંતભગવંત સાહેબજીના અમૃત પ્રાગટ્યપર્વના મંગલ વર્ષે વેમાર સ્થિત ઉપાસનાધામમાં ૨૩ માર્ચ ૨૦૧૬ના રોજ મૂર્તિપ્રતિષ્ઠા વિધિ સંપન્ન થઈ, ત્યારે દેશ-વિદેશના અનેક નિષ્ઠાવાન ભક્તો પધાર્યા હતા, તેઓને સાથે લઈને સંતભગવંત પ.પૂ. સાહેબદાદા ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રાગટયસ્થાન છપૈયાતીર્થ પધાર્યા. ત્યારે સૌ ભક્તોના અંતરે એક જ વિચાર સતત રમતો હતો કે, સંતભગવંત સાહેબદાદાના આશીર્વાદ અને કૃપાથી અનેક કેન્દ્રોમાં અનુપમ મિશનનાં અદ્ભુત શિખરબદ્ધ મંદિરો નિર્માણ પામ્યાં, પણ અનુપમ મિશનના મુખ્ય કેન્દ્રમાં કે જ્યાં સંતભગવંત સાહેબજી સ્વયં નિવાસ કરે છે અને જે કેન્દ્ર અનુપમ મિશન સંસ્થાનું મુખ્ય મથક છે ત્યાં પણ સરસ શિખરબદ્ધ મંદિર હોવું જોઈએ. સૌ ભક્તો વતી નૂતન મંદિર નિર્માણ અંગેની આ ભાવના છપૈયાપુરની આ તીર્થયાત્રામાં ડૉ. જિતુભાઈ પટેલ, મૂકેશભાઈ કઢીવાલા, બિમલભાઈ શેઠ (યુ.એસ.એ.), બારીન્દ્રભાઈ પટેલ, વિજયભાઈ ઠક્કર (યુ.કે.), ગોવિંદભાઈ, શંકરભાઈ, ત્ર્યંબકભાઈ, જગતભાઈ, દ્વિજેનભાઈ (ભારત) આદિએ સંતભગવંત સાહેબદાદા સમક્ષ પ્રાર્થના સ્વરૂપે વ્યક્ત કરી કે, 'અમારા સૌની ઇચ્છા છે કે, તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીમાં પણ સુંદર શિખરબદ્ધ મંદિર નિર્માણ થાય ! અને આ નૂતન મંદિરના નિર્માણકાર્યમાં અમે સૌ સર્વાંગી રીતે સમર્પિત થઈ સેવા કરીશું.' સાહેબદાદાએ તરત જ છપૈયા મંદિરમાં શ્રીહરિ પ્રાદુર્ભાવ સ્થાને બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિ સમક્ષ સંકલ્પ કરાવીને ધૂન કરી.

પ્રભુના પ્રગટ અને પ્રત્યક્ષ સ્વરૂપ સંતભગવંત સાહેબજીએ કરેલા સંકલ્પ અને ગુરુદેવ યોગીજી મહારાજના દિવ્ય આશીર્વાદના પ્રતાપે ગુરુપૂર્ણિમાના મંગલકારી દિન-૨૭ જુલાઈ ૨૦૧૮ના રોજ નૂતન મંદિરના નિર્માણકાર્યનો પ્રારંભ થયો અને માત્ર દોઢ વર્ષના ટૂંકા સમયમાં જ આ કાર્ય શક્ય થયું. પોષીપૂનમના પવિત્ર દિન-૧૦ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ શિખરસંપન્ન નૂતન મંદિરમાં પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાના ધામ અને મુક્ત તથા ગુણાતીત સ્વરૂપો સહિત બિરાજી ગયા અને ધામધૂમથી મૂર્તિપ્રતિષ્ઠાવિધિ સંપન્ન થઈ. તેનાં બરાબર ૨ વર્ષ પછી પોષીપૂનમના પવિત્ર દિવસે - ૧૭ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ મંદિરના શિખર ઉપર સુવર્ણમંડિત કળશ સ્થપાયા અને ઉપાસનાની ધજાઓ પણ ફરકી ! મંદિરનાં સઘળાં કાર્ય નિર્વિઘ્ને પૂર્ણ થયાં.

સંતભગવંત સાહેબજીના હૃદયમાં ઉમંગ હતો કે, છપૈયા મંદિરે ઘનશ્યામ મહારાજની મૂર્તિ સમક્ષ સંકલ્પ-પ્રાર્થનાના ફળસ્વરૂપે કાર્યનો પ્રારંભ કર્યો હતો, તે સંકલ્પ પૂરો થયો છે, પ્રભુએ જ આ અશક્ય લાગતું કાર્ય સૌ સંતોની પ્રાર્થના સાથે સૌ ભક્તોના સાથ-સહકારથી શક્ય બનાવ્યું છે, તો છપૈયા મંદિરે ઘનશ્યામ મહારાજનો આભાર માનવા જવું. છપૈયા મંદિરે સંતો-ભક્તોને અને ખાસ કરીને નૂતન મંદિરનિર્માણના સંકલ્પ સમયે હાજર હતા તે સૌ ભક્તોને અને નિર્માણકાર્યમાં જેઓએ વિશેષ સેવાઓ કરી છે તેઓ સૌને સાથે લઈ જઈને મૂર્તિ સમક્ષ આભારની લાગણી વ્યક્ત કરવાની ભાવના સાહેબદાદાએ ઘણી વખત વ્યક્ત કરી. પરંતુ કોરોના મહામારીની વિપદ પરિસ્થિતિને પરિણામે યાત્રાનાં આયોજન શક્ય થતાં નહોતાં. જો કે, સંતભગવંત સાહેબદાદાની ભાવના હતી-સંકલ્પ હતો એટલે એ પૂર્ણ તો થવાનો જ હતો, અને તે માટે નિમિત્ત બન્યાં ગુજરાતનાં પૂર્વ મુખ્યમંત્રીશ્રી, 'શાલીન માનવરત્ન' સન્માનથી વિભૂષિત અને ઉત્તર પ્રદેશનાં મહામહિમ રાજ્યપાલ શ્રીમતી આનંદીબહેન પટેલ; અને આ ઐતિહાસિક તીર્થયાત્રાનાં આયોજન થયાં.

કળશ મહોત્સવ દરમિયાન 'શાલીન માનવરત્ન' સન્માન સમારંભમાં પોતાના ઉદ્બોધનમાં આદરણીય શ્રીમતી આનંદીબહેને સાહેબદાદાને જણાવ્યું કે, 'ઉત્તરપ્રદેશના રાજ્યપાલપદે સેવામાં જોડાઈ છું ત્યારથી ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રાગટયસ્થાન-છપૈયાતીર્થનાં દર્શને જવાની ઘણી ઇચ્છા હોવા છતાં સંજોગવશાત્ જવાયું નથી. તો સાહેબજી ! આપ ફેબ્રુઆરી માસમાં લખનૌ અમારા રાજભવનમાં પધારો અને ત્યાંથી આપણે સાથે છપૈયા જઈએ.' કળશ મહોત્સવ બાદ કોરોના કાળની ત્રીજી લહેર શાંત પડી એટલે સંતભગવંત સાહેબદાદાના સાંનિધ્યમાં યાત્રાનાં આયોજન થયાં. ૧૨ ફેબ્રુઆરીના રોજ સૌ રાજનગર લખનૌ પધાર્યાં. ૧૫ ફેબ્રુઆરીના રોજ તીર્થોત્તમધામ છપૈયાપુર અને ૧૭ ફેબ્રુઆરીના રોજ બનારસ દર્શનાર્થે પધાર્યાં. અનેક કલ્યાણકારી સ્મૃતિઓ લઈ, દિવ્યતાને હૈયે ભરી સૌ ૧૯ ફેબ્રુઆરીએ સ્વસ્થાને પધાર્યાં.



રાજભવનના વિશાળ ઉદ્યાનમાં યોજિત સભામાં સાહેબજીનાં આશીર્દાન અને
મહામહિમ રાજ્યપાલ શ્રીમતી આનંદીબહેનને સ્મૃતિભેટ અર્પણ

## રાજનગર લખનૌનાં સંસ્મરણો

લખનૌ યાત્રા એ આદરણીય શ્રીમતી આનંદીબહેન પટેલની મુમુક્ષુતાનાં દર્શનની તેમજ તેઓને થયેલ સંતભગવંત સાહેબદાદાની દિવ્યતાનાં અનુભવદર્શનની યાત્રા બની રહી. અગાઉ શ્રીમતી આનંદીબહેન અનેક પ્રસંગોએ તપોભૂમિ બ્રહ્મજ્યોતિ–મોગરી પધાર્યાં છે, પરંતુ વ્યસ્તતાને પરિણામે લાંબા સમયનો સત્સંગલાભ શક્ય નથી બન્યો. સંતભગવંત સાહેબજીને આનંદીબહેન સ્વરૂપી ચૈતન્યમાં ઊંડે ઊંડે રહેલ ભક્તિનું દર્શન હતું. આવા સત્પુરુષનો સંબંધ પામીને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે તેના અનુભવ સૌએ કર્યા છે તેવા દિવ્ય અનુભવ આ યાત્રા દરમિયાન પણ થયા.

શ્રીમતી આનંદીબહેને ઉત્તર પ્રદેશનાં રાજ્યપાલ તરીકે સુકાન સંભાળ્યું ત્યારથી સંતભગવંત સાહેબજીનો સંકલ્પ હતો કે, તેઓને છપૈયા–ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રાગટ્ય તીર્થભૂમિનાં દર્શન કરવા લઈ જવાં છે. કળશ મહોત્સવ દરમિયાન 'શાલીન માનવરત્ન' સન્માન સ્વીકાર્યા બાદ પોતાના ઉદ્‌બોધનમાં શ્રીમતી આનંદીબહેને સ્વયં સાહેબજી સાથે છપૈયા દર્શનાર્થે જવાની ભાવના વ્યક્ત કરી અને સંતભગવંત સાહેબજીને પોતાના લખનૌ સ્થિત રાજભવનમાં



રાજભવનમાં દીપપ્રાગટ્ય સાથે પ્રાર્થના



રાજભવનમાં રાષ્ટ્રપિતા ગાંધીજીની મૂર્તિ સમક્ષ મંત્રપુષ્પાંજલિ અર્પણ

પધરામણી કરવા નિમંત્રણ પાઠવ્યું. ઇતિહાસમાં જવલ્લે જ બનતી એવી ઘટના અંકિત થઈ કે, જેમાં રાજ્યપાલશ્રી ભગવાનધારક સત્પુરુષને પોતાના રાજભવનમાં પધરામણી માટે નિમંત્રણ આપી તેઓની સેવા-સરભરા કરવાની ભાવના વ્યક્ત કરે! બિન્દુબા-બારીન્દ્રભાઈ આદિ ભક્તોએ કરેલી સંતભગવંત સાહેબજીના મહિમાની અને તેઓ દ્વારા થતાં દિવ્ય કાર્યોની વાતોના પરિણામે ભક્તહૃદયી આનંદીબહેનના હૃદયમાં સાહેબજીને મનોમન ગુરુ સ્વરૂપે સ્વીકારી, તેમની સેવા માટેની ભાવના ઉત્કટ થઈ.

૧૨ ફેબ્રુઆરીના રોજ જ્યારે સંતભગવંત સાહેબજી રાજભવન પધાર્યા ત્યારે લાલ જાજમ પર તેઓનું સ્વાગત કર્યું. રાજભવનનાં પ્રવેશદ્વાર દીવાઓના પ્રકાશથી ઝગમગતાં હતાં. રાજભવનમાં પ્રવેશી સૌએ દીપપ્રાગટ્ય કર્યાં અને રાજભવનમાં બિરાજમાન રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની મૂર્તિ સમક્ષ સૌએ મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી. શ્રીમતી આનંદીબહેને સાહેબજીને શાલ ઓઢાડી સ્મૃતિભેટ અર્પણ કરી વંદના ધરી.

૧૩ અને ૧૪ ફેબ્રુઆરીના રોજ રાજભવનમાં સંતભગવંત સાહેબજીના નિવાસ દરમિયાન શ્રીમતી આનંદીબહેને સંતભગવંત સાહેબજી તથા સૌ સંતો-ભક્તોના નિવાસની, મહાપ્રસાદની વ્યવસ્થા આદિની સ્વયં ધ્યાન આપી કાળજી રાખી. સાહેબજી સાથે તેઓએ રોજ અલ્પાહાર અને બંને સમયનાં ભોજન પણ ગ્રહણ કર્યાં, જે સામાન્ય વ્યવસ્થાથી નોખું હતું. સાહેબજીને તેઓ સહજ પોતાનું આસન આપી દેતાં અને તેના પર જ બિરાજવા આગ્રહ કરતાં. સાહેબજી ડાઈનિંગ ટેબલ પર જે સ્થાને બિરાજમાન થવાના હોય તે સ્થાને 'ગુરુજી' લખેલી નેમપ્લૅટ મુકાવી સંતભગવંત સાહેબજી પ્રત્યેનો પોતાનો ગુરુભાવ પણ વ્યક્ત કર્યો.

સાહેબજી પ્રત્યે તેમના હૈયે એવો ઉમદાભાવ ધબકતો હતો કે, તેઓએ સાહેબજીને પોતાની સાથે જ હેલિકૉપ્ટરમાં છપૈયા જવા અને સેવાનો લાભ આપવા માટે આગ્રહભરી વિનંતી કરી. પણ ત્યારે સાહેબજીએ આનંદીબહેનના સ્વાગત માટે છપૈયા એક દિવસ વહેલા જવાનો પોતાનો ભાવ જણાવ્યો તો આનંદીબહેને પણ પોતાની હેલિકૉપ્ટરની યાત્રા બંધ રાખીને ગાડીમાં જ છપૈયા પધારશે તેવું ગોઠવ્યું. તેઓ મૃદુભાષી અને કુશળ વહીવટકર્તા છે. તેમની જવાબદારી પ્રમાણે સતત વ્યસ્ત રહી પ્રજાની સેવામાં આયખું ખર્ચી રહ્યાં છે. આવા સમયે ગાડીમાં છપૈયા પધારી તેઓનો વધારે સમય વ્યતીત ના થાય તેથી સાહેબદાદાએ આનંદીબહેનનો પ્રસ્તાવ સ્વીકાર્યો અને તેઓની સાથે હેલિકૉપ્ટરમાં છપૈયા પધાર્યા. અને સાહેબજી છપૈયાથી બનારસ પણ હેલિકૉપ્ટરમાં જ પધારે તેવી વ્યવસ્થા પણ તેઓએ કરી. વળી, બનારસમાં સાહેબજી અને સંતો-ભક્તોને બધાં સ્થાનોએ દર્શન કરવાની સરળતા રહે તે હેતુથી પૉલીસફોર્સના જવાનો મદદરૂપ થાય તેવી વ્યવસ્થા ગોઠવીને શ્રીમતી આનંદીબહેને ભારોભાર ભક્તિ અદા કરી.

સાહેબજીના રાજભવનના નિવાસ દરમિયાન દરરોજ સવારે તેઓની પ્રાતઃ પૂજાનો લાભ સૌ સંતો-ભક્તો લેતા. શ્રીમતી આનંદીબહેન પણ પૂજામાં પધારતાં અને ભક્તિભાવે લાભ લેતાં.



રાજભવનમાં સાહેબજીને સ્મૃતિભેટ અર્પણ




રાજભવનના પ્રસાદગૃહની સ્મૃતિછબિ



રાજભવનમાં પ્રાતઃ મંગલપૂજામાં સાહેબજીનાં આશીર્દાન



મુક્તરાજ રત્નસંજયજીના નિવાસસ્થાને પધરામણી

આનંદીબહેનને મન રાજભવનમાં કાર્યરત સૌ કર્મચારીઓને પણ સાહેબજીના આશીર્વાદ પ્રાપ્ત થાય તેવો ઉમંગ હતો, તેથી રાજભવનના વિશાળ ઉદ્યાનમાં ૫૦૦થી વધુ કર્મચારીઓની સભાનું આયોજન થયું, જેમાં સંતભગવંત સાહેબજી અને શ્રીમતી આનંદીબહેને આશીર્વાદ વરસાવ્યા. આ ઉપરાંત, રાજભવનમાં કાર્યરત આ કર્મચારીઓનાં સંતાનોને પણ સાહેબજીના આશીર્વાદ પ્રાપ્ત થાય તેવી વ્યવસ્થા સુદ્ધાં તેઓએ કરી. આમ, સૌ કર્મચારીઓને પણ સંતભગવંત સાહેબજી પ્રતિ ખૂબ આદર ને પૂજ્યભાવ થયો. ઘણાએ સંતભગવંત સાહેબજી સાથે ગોષ્ઠિ કરી અને સાહેબજી સાથે ફોટા પડાવી સ્મૃતિ કાયમી કરી.

લખનૌમાં બીજા એવા ભક્તરાજ શ્રીમાન રત્નસંજયજી કે, જેઓ સશસ્ત્ર સીમા સુરક્ષાદળના ઇન્સ્પેક્ટર જનરલની ઊંચી પદવીએ બિરાજી ૫૦૦ કિ.મી.ની ભારત-નેપાળ બૉર્ડર સુરક્ષાની જવાબદારી સંભાળે છે, તેઓને સાહેબજી સાથે સંબંધ હતો તે વધુ સુદૃઢ થયો ને દૃષ્ટા સ્થપાયો. તેઓએ સાહેબજી અને સંતોની પધરામણી પોતાના લખનૌ સ્થિત નિવાસસ્થાને ૧૪ ફેબ્રુઆરીના રોજ કરાવી. સંતભગવંત સાહેબજી અને સંતો-ભક્તોએ લગભગ દોઢ કલાક માટે તેઓના ઘરે રોકાઈ, ધૂન-પ્રાર્થના કરી અને પરિવારજનોને તથા મિત્રમંડળને દર્શન, ગોષ્ઠિ અને આશીર્વાદનું સુખ આપ્યું. સાહેબજી તેઓના ઘરેથી વિદાય થયા પછી પણ પરિવારનાં સૌને સાહેબજીની દિવ્ય ઉપસ્થિતિનો અહેસાસ થતો રહ્યો, જે તેઓએ ફોન દ્વારા વર્ણવ્યો કે જાણે સાહેબદાદા તેઓની સાથે જ બિરાજ્યા છે અને આત્મામાં વસી ગયા છે. આ અનુભવમાં ગરકાવ થઈ શ્રીમાન રત્નસંજયજીનાં પરિવારજનો મોડી સાંજ સુધી એ બગીચામાં જ બેસી રહ્યાં જ્યાં સાહેબદાદા બિરાજ્યા હતા. ૧૫ ફેબ્રુઆરીના રોજ સંતભગવંત સાહેબજી શ્રીમતી આનંદીબહેન અને સંતો-અક્ષરમુક્તો સાથે છપૈયા પધાર્યા.



રાજભવનમાં કાર્યરત કર્મચારીઓની સભામાં સાહેબજીનાં આશીર્દાન



રાજભવનમાં કાર્યરત કર્મચારીઓનાં બાળકોને સાહેબજીનાં આશીર્દાન



છપૈયા મંદિરના પ્રાંગણમાં
સંતભગવંત સાહેબજી અને શ્રીમતી આનંદીબહેનની દિવ્ય સ્મૃતિ છબિ

## તીર્થોત્તમ છપૈયાપુરનાં સંસ્મરણો :

સંતભગવંત સાહેબદાદાએ સાધુ પૂજ્ય પંકજદાસજી સહિત કેટલાક સંતોને આજ્ઞા કરી કે,'તમે છપૈયા વહેલા જજો અને સૌ સંતો-ભક્તોની સઘળી સગવડ સરસ સચવાય તેની વ્યવસ્થા કરજો. સૌના ઉતારાની વ્યવસ્થા ગોઠવી દેજો, ઉતારાની ચોખ્ખાઈ જોઈ લેજો. રોજ સેનિટાઇઝ થાય તેમ જોશો. શ્રીમતી આનંદીબહેનનાં ભવ્ય સ્વાગત થાય તેવાં આયોજન કરજો. તેઓ જ્યારે મંદિરે પધારે ત્યારે લાલ કાર્પેટ પાથરજો.' વિશેષ જણાવ્યું કે, 'ઇંગ્લૅન્ડનિવાસી રોહિતભાઈ મહેતા-પ્રવીણાબહેનની ખાસ ઇચ્છા છે કે, છપૈયાનિવાસી જરૂરિયાતમંદ લોકોને રાહતસામગ્રીનું વિતરણ કરવું છે. તો બહેનો માટે સાડી, પુરુષો માટે બ્લેન્કેટ, દરેક પરિવાર માટે ૧૫ કિલો ખાદ્યસામગ્રીની કીટ અને નાનાં બાળકો માટે ભણવાનાં સાધનોની કીટની સરસ વ્યવસ્થા કરજો.' આમ, સંતભગવંત સાહેબદાદાએ નાની નાની બાબતો માટે પણ ખૂબ નિસ્બત રાખી, તેમની ભક્તો પ્રત્યેની લાગણી અને શ્રીમતી આનંદીબહેન માટેના આદરનાં દર્શન કરાવ્યાં.

સાધુ પૂજ્ય પંકજદાસ સાથે સાધુ પૂજ્ય હિંમતસ્વામી, સાધુ પૂજ્ય અરવિંદદાસ, સાધુ પૂજ્ય નિખિલદાસ થોડા દિવસ પૂર્વે રેલવે મુસાફરી દ્વારા છપૈયા પધાર્યા. નીકળ્યા ત્યારે સાહેબદાદાની આજ્ઞા અનુસાર સઘળી વ્યવસ્થા સુપેરે કરવાનો સૌના મનમાં થોડો ભાર હતો. પરંતુ, જ્યારે સંતભગવંત સાહેબદાદાએ આશીર્વાદ આપ્યા કે, 'મહારાજ બધું ગોઠવશે ને સઘળું સરસ રીતે પાર પડી જશે.' તે સાથે જ સંતોના મનમાં શાંતિ થઈ ગઈ, સૌના મનનો ભાર હળવો થઈ ગયો. સંતો પાસે ખૂબ સામાન હતો. ટ્રેઈનમાં લગભગ ૩૦ કલાકની મુસાફરી કરીને અયોધ્યા પહોંચવાનું ને ત્યાંથી છપૈયાના અંતરિયાળ વિસ્તારમાં સઘળી વ્યવસ્થાઓ પાર પાડવાની તે અઘરું તો હતું જ ! રાહતસામગ્રીના વિતરણની બાળકો માટેની કિટ મુંબઈથી અને બહેનો માટેની સાડીઓ સુરતથી ટ્રાન્સપોર્ટ દ્વારા છપૈયા મળે તેવાં આયોજન



છપૈયા મંદિરમાં સાહેબજી અને રાજ્યપાલશ્રીનાં ઉમંગપૂર્ણ સ્વાગત



છપૈયા મંદિરના શ્રી ઘનશ્યામ મહારાજને ભક્તિભાવે આરતી અર્પણ

કર્યા. પુણ્યભૂમિ અયોધ્યામાંથી બ્લૅન્કેટ્સ ખરીદ્યા. સ્થાનિક 'બભનાન' ગામની માર્કેટમાંથી લગભગ ૪.૫ ટન જેટલી ખાદ્યસામગ્રી ખરીદીને છપૈયા મંદિરે પહોંચાડી. યોગી વિદ્યાપીઠની મિત્ર શાળામાં ૧૫ કિલો ખાદ્યસામગ્રી ઊંચકી શકાય તેવી કાપડની મજબૂત થેલીઓ સ્ક્રીન પ્રિન્ટિંગ કરાવીને છપૈયા લાવવામાં આવી. છપૈયાના યુવાનેતા ભાનુપ્રતાપ અને યુવકોના સાથ-સહકારથી ખાદ્યસામગ્રીની ૩૦૦ જેટલી કિટ તૈયાર કરવામાં આવી.

છપૈયા મંદિરે શ્રીમતી આનંદીબહેનના સત્કાર સમારંભ સંદર્ભે મંડપનાં નિર્માણ તથા અન્ય અનેક જરૂરી વ્યવસ્થાઓ અત્યંત ભક્તિભાવે સંપન્ન કરવામાં આવી. સ્વાગત માટે મ્યુઝિકલ બેન્ડની વ્યવસ્થા કરી. મંદિર નજીક હેલિપૅડ તૈયાર કરવામાં આવ્યું. ઉત્તર પ્રદેશનાં ગવર્નર શ્રીમતી આનંદીબહેન પધારવાનાં હતાં તેથી રોજ કલૅક્ટરશ્રી, પોલીસ અધિકારીશ્રીઓ, સિક્યુરિટી ઑફિસર્સ આદિ અનેક સરકારી અમલદારો મંદિરમાં સંતોને મળતા. ત્યારે મંદિર પરિસરમાં રહેતા ભગવાં વસ્ત્રધારી સાધુઓ અને અનુપમ મિશનના વ્રતધારી સંતો એક જ પરિવારના હોય તેવી અનુભૂતિ સહજ સૌને થતી.

સંતભગવંત સાહેબદાદાના વચનમાં જ્યારે નિઃશંક ભળી જઈએ ત્યારે ચોક્કસ અનુભૂતિ થાય કે, આપણે ખોટા ચિંતા કે કામના ટેન્શનમાં રહીએ છીએ. સંતભગવંત સાહેબદાદાના શબ્દો સામાન્ય મનુષ્ય જેવા શબ્દો નથી, તેઓ દ્વારા પ્રભુ બોલે છે અને તેઓનાં ઐશ્વર્ય-પ્રતાપ અને સામર્થીના અનુભવ થાય છે. 'વચનામૃત'માં જણાવ્યું છે તેમ 'આજ્ઞા ભેળી મૂર્તિ'ની અનુભૂતિ સૌ સંતોને થઈ.

છપૈયામાં મંદિરનો વહીવટ અને મંદિર પરિસરનાં વિકાસકાર્યો શ્રી નરનારાયણ દેવ-અમદાવાદ ગાદીના મોટા મહારાજ પૂજ્યપાદ તેજેન્દ્રપ્રસાદ મહારાજશ્રી અને આચાર્યશ્રી પૂજ્યપાદ કોશલેન્દ્રપ્રસાદ મહારાજશ્રીના આશીર્વાદ અને માર્ગદર્શનથી અદ્‌ભુત રીતે વિકસી રહ્યાં છે. છપૈયા એટલે તીર્થોનું તીર્થ ! આ વાત અનેકવાર સંતભગવંત સાહેબદાદાના શ્રીમુખે સાંભળી છે. વર્ષોથી છપૈયા તીર્થસ્થાનનાં દર્શને જવાનું થયું છે ત્યારે દરેક વખતે સંતભગવંત સાહેબદાદાએ છપૈયા મંદિર પ્રત્યેના પ્રેમમાં ઉત્તરોત્તર ચઢતા રંગનું દર્શન કરાવ્યું છે. અને વિશેષ સંતભગવંત સાહેબદાદાએ સ્પષ્ટ માર્ગદર્શન આપ્યું છે કે, 'આપણે અહીં પ્રાગટ્યસ્થાને પ્રાર્થના કરવા આવ્યા છીએ. કોઈ હરિભક્તો પાસેથી જે કાંઈ ધન ભેટ સ્વરૂપે પ્રાપ્ત થાય તેને આપણે આપણી સાથે મોગરી લઈ જવાનું નથી, પણ અહીં છપૈયામાં જ શ્રી ઠાકોરજીના-સંતોને ચરણે મૂકીને જવાનું છે.'

ઘણી વખત સંતો આપણી પાસે જે ધન હોય તે ધનની શુદ્ધિ માટે અથવા આપણી ધન પ્રત્યેની આસક્તિ નિર્મૂળ કરવા માટે ધનની સેવા કરવાની આપણને આજ્ઞા કરતા હોય છે, અને કેટલાકને આવી કોઈ આજ્ઞા નથી પણ કરતા. પ.પૂ. સાહેબદાદા આપણી આધ્યાત્મિક ઉન્નતિ માટે જેની સાથે જેવી જરૂર હોય તેમ વર્તે છે. તેઓ કોઈને વઢે, ધખે કે પ્રેમ કરે, તેની પાછળ એક જ હેતુ હોય છે, આપણા આત્માની ઉન્નતિ. સંતભગવંત સાહેબદાદા આપણા માટે માનવદેહે વિચરતું પ્રભુનું સ્વરૂપ છે. જેમ કોઈ સાકરનું નારિયેળ હોય, તેમાં બધું સાકરનું હોય છે તેમ સંતભગવંત સાહેબદાદાના જીવનની પ્રતિ પળ કેવળ ચૈતન્યલક્ષી હોય છે.

કોઈ પણ સંસ્થા કે મંદિરના વિકાસમાં ઘણીવાર સરકારી કલમોને કારણે નિર્ણય મળતા ન હોવાથી મંદિરનાં કાર્યોમાં વિલંબ થાય છે. હાલ છપૈયા મંદિર પરિસરમાં નૂતન બાંધકામનાં નિર્માણ થઈ રહ્યાં છે.



યુ.કે.નાં પ્રવીણાબહેન-રોહિતભાઈ મહેતાના સૌજન્યથી છપૈયાના જરૂરિયાતમંદ મુક્તોને રાહતસામગ્રીનાં વિતરણ

સમગ્ર પ્રૉજેક્ટ જ્યારે પરિપૂર્ણ થશે ત્યારે છપૈયા મંદિરની શોભા અનેરી થઈ જશે. મંદિર પરિસરની બહારની જમીન પ્રાપ્ત કરવામાં જે કાંઈ અડચણ હતી તેના નિરાકરણ માટે તથા સરકારી પ્રક્રિયાના કારણે કાર્યમાં થતા વિલંબના નિરાકરણ માટે સંતભગવંત સાહેબદાદાએ શ્રીમતી આનંદીબહેનને વિનંતી-પ્રાર્થના કરી ત્યારે અનુભવાય કે, તેઓના હૃદયમાં છપૈયા મંદિરનો કેવો અદ્‌ભુત મહિમા છે ! છપૈયા મંદિર માટે શું ન થાય ! તેવી અકલ્પ્ય ભાવના સંતભગવંત સાહેબદાદા ધરાવે છે તેની અનુભૂતિનો સાક્ષાત્કાર આ યાત્રામાં સૌને થયો.

છપૈયા મંદિરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રાગટ્યસ્થાનમાં દર્શન-પ્રાર્થના કરવા માટેનું સમયપત્રક છે, છતાં સૌ યાત્રિકોના ભાવ જાણી છપૈયા મંદિરના મહંત પ.પૂ. દેવ સ્વામી અને કોઠારી પ.પૂ. વિષ્ણુ સ્વામીએ સૌ સંતો-ભક્તોને રાત્રિના મોડે સુધી અને વહેલી સવારે ધૂન-પ્રાર્થના કરવા માટે સુલભ કરી આપ્યાં, તેઓને વંદન છે !

સંતભગવંત સાહેબજીના છપૈયા નિવાસ દરમિયાન શ્રી ઠાકોરજીના સૌ ભક્તો, સંતો, યાત્રીઓ માટે થાળ-પ્રસાદની વ્યવસ્થા સાહેબજીની આજ્ઞાથી શ્રી ઘનશ્યામ મહારાજની પ્રસન્નતાર્થે અનુપમ મિશન દ્વારા કરાઈ. સંતભગવંત સાહેબદાદાએ રાજભવનમાં એક વખત શ્રીમતી આનંદીબહેન સાથે વાતવાતમાં જાણ્યું કે, તેઓને દૂધપાક અને માલપુવા ભાવે છે. સંતભગવંત સાહેબદાદાએ આ વાત સાધુ પૂ. યજ્ઞેશદાસને કરી તો આનંદીબહેન છપૈયા પધાર્યાં તે દિવસે તેઓએ દૂધપાક અને માલપુવાનો થાળ તૈયાર કરાવ્યો. વળી, તેઓએ એક દિવસ ખાસ એર કાર્ગો દ્વારા આણંદથી શ્રીખંડ અને આઈસ્ક્રીમ છપૈયા મંગાવી શ્રી ઠાકોરજીને તથા સૌ સંતો-ભક્તોને જમાડી સૌનો રાજીપો પ્રાપ્ત કર્યો. સંતભગવંત પ.પૂ. સાહેબદાદાના નિજ સેવક સાધુ પૂ. અર્પિતદાસ અને સાધુ પૂ. શ્રેયસદાસ સાહેબદાદાને લખનૌથી છપૈયા અને છપૈયાથી બનારસ સુધીનો ગાડીનો પ્રવાસ સુખદાયી થાય તે હેતુથી હજારો કિલોમીટરની ગાડીની યાત્રા કરીને તેઓની અંગત સેવામાં લખનૌ પહોંચી ગયા. આ સૌ સંતોની સેવા-ભક્તિને વંદન છે !

સંતભગવંત સાહેબદાદાએ ખૂબ કૃપા કરીને આ યાત્રામાં સૌની સર્વ પ્રકારની સગવડ સચવાય તેવી સેવા ને વ્યવસ્થાઓ સંભાળી લે તેવા સંતો સાથે લીધા હતા. આ સંતોની સૂઝબૂઝને કારણે સમગ્ર યાત્રા દરમિયાન સૌ સંતો-હરિભક્તોની રહેવાની, જમવાની, દર્શન-પ્રાર્થના-ભજનની અદ્‌ભુત સેવાઓ શક્ય થઈ અને સૌ અત્યંત પ્રસન્ન થયાં. છપૈયામાં સૌ યાત્રિકોના મુખ ઉપર અવર્ણનીય આનંદ હતો. જાણે જીવનનો એક અધ્યાય પૂર્ણ થયો અને નૂતન યુગનો પ્રારંભ થયો હોય તેવી અનુભૂતિ સૌનાં અંતરે છલકાતી હતી.

જ્યારે શ્રીમતી આનંદીબહેનના સ્વાગત-સન્માન સમારંભમાં સંતભગવંત સાહેબદાદાને હાર અર્પણ કરવામાં આવ્યો ત્યારે તેઓએ તે હાર સૌ પ્રથમ છપૈયા મંદિરના મહંત પ.પૂ. દેવ સ્વામીને અર્પણ કર્યો. પ.પૂ. દેવ સ્વામી ઉંમરમાં સંતભગવંત સાહેબદાદાથી નાના છે, છતાં કેવળ સંબંધનો મહિમા સમજી ચરણસ્પર્શ કર્યા. પ.પૂ. સાહેબદાદા સ્વયં ગુણાતીત અવસ્થાના સંત છે, પ્રભુનું સ્વરૂપ છે તેથી આવી કોઈ બાબત તેઓની ગણતરીમાં આવતી નથી. પ.પૂ. સાહેબદાદામાં કેવળ શૂન્યભાવ, દાસત્વભાવનાં દર્શન કરી સહજ જ વંદન થઈ ગયાં. આ રીતે છપૈયાની તીર્થયાત્રા અદ્‌ભુત અને અલૌકિક બની રહી !



છપૈયામાં રાજ્યપાલશ્રીના સ્વાગત અર્થે યોજિત સભાનાં મંચદર્શન



છપૈયા મંદિર અને પરિસરનાં વિકાસકાર્ય માટે રાજ્યપાલશ્રી સાથે વિમર્શ અને માર્ગદર્શન



વિશ્વપ્રસિદ્ધ શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરના પ્રાંગણમાં સંતભગવંત સાહેબજીના સાંનિધ્યે તીર્થયાત્રી સંતોની દિવ્ય સ્મૃતિછબિ

## તીર્થરાજ બનારસનાં સંસ્મરણો :

૧૭ ફેબ્રુઆરીના રોજ સંતભગવંત સાહેબજી સંતો, અક્ષરમુક્તોને લઈને વારાણસી પધાર્યા. બે દિવસનાં રોકાણ દરમિયાન સંતભગવંત સાહેબજીએ સૌને બ્રહ્માનંદ કરાવ્યો. ૧૭ ફેબ્રુઆરીના રોજ સદ્‌ગુરુ સંત પૂ. મનોજદાસજીના પ્રાગટ્યદિનની સભા યોજાઈ. તેઓના મહિમાનાં અપૂર્વ ગાન થયાં, જેને માણી સૌ ધન્ય થયાં. ૧૮ ફેબ્રુઆરીના રોજ સંતભગવંત સાહેબજી સાથે સૌ કાલભૈરવ મંદિરનાં દર્શનાર્થે પધાર્યાં ત્યારે સંતભગવંત સાહેબજીએ સૌ વતી મૂર્તિની પૂજા કરી અને સેવાર્પણ કર્યાં. મંદિરના પૂજારીજીએ પ્રસન્ન થકા સાહેબજીને પ્રાસાદિક પુષ્પહાર અર્પણ કરી ધન્યતા વ્યક્ત કરી. ત્યારબાદ સૌ વિશ્વપ્રસિદ્ધ કાશીવિશ્વનાથ મહાદેવ મંદિરનાં દર્શનાર્થે પધાર્યાં, જ્યાં સૌની સ્મૃતિ સાથે અભિષેક અર્પણ કરાયો. સાંજે વિશાળ નૌકામાં બિરાજમાન થઈ સાહેબજી સાથે સૌ સંતો-અક્ષરમુક્તો ગંગાજીનાં દર્શનાર્થે પધાર્યા. તે દરમિયાન મણિકર્ણિકા ઘાટ પર મંત્રપુષ્પાંજલિ કરી અ.નિ. સદ્‌ગુરુ સંત પૂ. પૂનમદાદાનાં અસ્થિપુષ્પ વિસર્જિત કરવામાં આવ્યાં. આ પ્રસંગે પૂ. મનોજદાસજીએ સંકલ્પ દ્વારા પ્રાર્થના કરી કે, 'અહીં જેનાં પણ અસ્થિવિસર્જન થાય તેને નવા જન્મે પ્રગટ પ્રભુનો યોગ પ્રાપ્ત થાય, કારણ કે અહીંયાં પૂ. પૂનમદાદા દિવ્ય સ્વરૂપે બિરાજમાન છે.' રાત્રે સૌએ ઘાટ પર ગંગાજીને આરતી અર્પણ કરી. આવી અનેક અનુપમ સ્મૃતિઓ, અમાપ આશીર્વાદનું સુખ અને અમૂલ્ય દર્શનનો લહાવો માણી સૌ ધન્ય થયાં.

આખી યાત્રામાં અનેક દિવ્ય પ્રસંગોનાં દર્શન થયાં, જેમાં સંતભગવંત પ.પૂ. સાહેબદાદાની લખનૌ રાજભવનમાં પધરામણી થઈ અને તેઓ રાજભવનમાં રોકાયા તે શ્રીમતી આનંદીબહેનના અંતરના ઉમદા ભક્તિભાવનું પ્રતિબિંબ છે ! પ.પૂ. સાહેબદાદા રાજભવનમાં રોકાયા, હેલિકૉપ્ટરમાં શ્રીમતી આનંદીબહેન સાથે છપૈયા પધાર્યા અને વિશેષ તો પ.પૂ. સાહેબદાદા માટે તેઓએ ખાસ હેલિકૉપ્ટર લખનૌથી છપૈયા મોકલ્યું અને તેમાં પ.પૂ. સાહેબદાદા બનારસ પધાર્યા; તે દુન્યવી રીતે મોટપ છે, પણ સાચી મોટપ તો સાહેબદાદા ભગવાન સ્વામિનારાયણના દિવ્ય તત્ત્વના અખંડ ધારક ગુણાતીત સંત છે. છપૈયામાં જે ઘનશ્યામ મહારાજ પ્રગટ્યા, અક્ષરધામમાં જે ભગવાન શ્રી સ્વામિનારાયણ બિરાજમાન છે તે જ ભગવાન શ્રી સ્વામિનારાયણ આજે આપણને સંતભગવંત પરમ પૂજ્ય સાહેબદાદાના ગુણાતીત સંતસ્વરૂપમાં પ્રાપ્ત થયા છે; આવો મહિમાનો પરમ ભાવ સૌનાં અંતરમાં અખંડ વિલસી રહે તેવી પ્રાર્થના કરીએ છીએ ! ◆

(અમીબહેન (અમદાવાદ) તથા
સાધુ પૂ. પંકજદાસના અહેવાલ પરથી સંકલિત)



શ્રી કાલભૈરવ મંદિરે દર્શન-પ્રાર્થના



અ.નિ. સદ્‌ગુરુ સંત પૂ. પૂનમદાદાનાં અસ્થિપુષ્પ વિસર્જન-પ્રાર્થના